PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૦/કવા–૦૪/૧૭–૧૮/ 3948/5 તા 11-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હરસુખભાઈ પી. વાછાણી,
– ઉમિયા કૃપા–
ન્યુ વિશ્વનગર શેરી નં.–૪, ખીજડા પાસે,
ઉમિયા પાન વાળી શેરી,
રાજકોટ
મો: ૯૯૨૫૧ ૫૭૨૩૬

**વિષય :–ખેત જોડાણ ને એક જ સર્વેનંબર મા શીફટીંગ કરાવવા અંગે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૦/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વંથલી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૮૦/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગઃ તા. ૨૦–૦૪–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હરસુખભાઈ પી. વાછાણી, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી હરસુખભાઈ પી. વાછાણી હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વંથલી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ)**

**રજુઆત કરનાર :પી.પી.વોરા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ ને એક જ સર્વેનંબર મા શીફટીગ કરાવવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ વંથલી તાલુકાના બંટીયા ગામ ના રહીશ છે. તેઓ સદર ગામ ના સર્વે નંબરઃ ૩૬૨ મા બે બોર ધરાવે છે. જે બોર પર તેઓ હાલ મા ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે, તે બોર મા પાણી હાલ મા ખુટી ગયેલ છે. આમ, તેઓ પિયત કરી શકતા નથી. તેમજ, તેમના સદર સર્વે નંબરઃ ૩૬૨ મા – ખેતીવાડી વીજજોડાણ ધરાવતા બોર થી અંદાજે ૯૦૦ ફુટ દુર બીજો બોર હોય – જેમા પાણી પુરતુ હોવાથી – તેઓ તેમના સદર સર્વે નંબરઃ ૩૬૨ મા – એક બોર પરથી બીજા બોર પર – સદર ખેતીવાડી વીજજોડાણ ને શીફટીગ કરવા માટે ની તેઓની માંગણી છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી હરસુખભાઈ પી. વાછાણી ની ફરીયાદ ના અનુસંધાને – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા – કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે.<br><br>હૈયાત ખેતીવાડી વિષયક ગ્રાહક ને – જે સર્વે નંબર મા – જે બોર / કુવા પર વીજજોડાણ અપાયેલ હોય – તેમા પાણી ખલાસ થવાના કે ખારૂ થઈ જવાના કારણોસર – શીફટીગ કરવાનુ જરૂરી બને ત્યારે તે સર્વે નંબર મા અન્ય જગ્યાએ બનાવેલ – નવીન બોર / કુવા માં – પોઈન્ટ ઓફ સપ્લાય બદલ્યા સીવાય તેમજ અંતર ની મર્યાદા સીવાય કરારીત વીજભાર વાપરી શકશે – પરંતુ, નવીન ટેસ્ટ રીપોર્ટ નિયત ફી ભરી ભરપાઈ કરવાનો રહેશે. – હૈયાત સ્થળ નો કુવો / પાતાળ કુવા માથી મોટર કાઢી નાખવાની રહેશે. – હૈયાત પોઈન્ટ ઓફ સપ્લાય થી નવીન બનાવેલકુવો / પાતાળ કુવા સુધી – સલામતી ના પાસાઓને લક્ષ મા રાખીને જરૂરી ક્ષમતાનો કેબલ ગ્રાહકે પોતાના ખર્ચે લંબાવવાનો રહેશે. – ઉપરોક્ત બાબત ની બાંહેધરી રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર આપવાની રહેશે. ''<br><br>ઉપરોક્ત બાબત અરજદાર ને મૌખીક મા જણાવેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| 3.1 | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના પેટા મુદદા નં. (ત) મા નીચે મુજબ ની જોગવાઈ – કરાયેલ છે.<br>''હૈયાત ખેતીવાડી વીષયક ગ્રાહક ને જે સર્વે નંબર મા – જે બોર / અથવા કુવા પર વીજ જોડાણ અપાયેલ હોય – તેમા પાણી ખલાસ થવાના કે ખારૂ થઈ જવાના કારણોસર – સ્થળ ફેર કરવાનુ જરૂરી બને ત્યારે – તે સર્વે નંબર મા – અન્ય જગ્યાએ બનાવેલ નવીન બોર / કુવા મા – પોઈન્ટ ઓફ સપ્લાય બદલ્યા સીવાય – તેમજ અંતર ની મર્યાદા સીવાય કરારીત વીજભાર વાપરી શકશે. પરંતુ, (૧) નવીન ટેસ્ટ રીપોર્ટ નિયત ફી ભરી રજુ કરવાનો રહેશે. (૨) હૈયાત સ્થળ નો કુવો / પાતાળકુવા માથી મોટર કાઢી નાખવાની રહેશે. (૩) હૈયાત પોઈન્ટ ઓફ સપ્લાય થી નવીન બનાવેલ કુવો / પાતાળકુવા સુધી – સલામતી ના પાસાઓને લક્ષ્ય મા રાખી ને જરૂરી ક્ષમતાનો કેબલ ગ્રાહકે પોતાના ખર્ચે લંબાવવાનો રહેશે. (૪) ઉપરોકત બાબતે ની બાંહેધરી રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર આપવાની રહેશે.'' સદર જીયુવીએનએલ ના પરીપત્ર – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક–૩/કેઆરવી/૮૩ તા.૧૩–૦૪–૧૭ થી ખેતીવાડી વીષયક હળવા દબાણ ના હૈયાત વીજ જોડાણો ધરાવતા ગ્રાહકો ના સ્થળ ફેર ના ભાગમા – અનુક્રમ –(૨) ની પેટા કલમ–(ત) ના મુદદા નં. –(૪) મા ઉપરોકત બાબત ની બાંહેધરી સાદા કાગળ પર આપવાની રહેશે. |
| 3.2 | અરજદાર દ્વારા ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની કાર્યવાહી કરવામા આવે તો – અરજદાર શ્રી તેઓ ના હૈયાત વીજ જોડાણ નુ પોઈન્ટ ઓફ સપ્લાય બદલ્યા સીવાય – તેમજ અંતર ની મર્યાદા મા રહીને કરારીત વીજભાર વાપરી શકશે. આમ, અરજદાર ની અરજી અન્વયે – તેમના હૈયાત વીજજોડાણ ના વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર શીફટીગ કરવા અંગેની અરજી ગ્રાહય રાખી શકાય નહી. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં હવો જરૂરી છે.